

## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ગ્રંથમાંથી
## **આત્મિક સુખ** વિષયક વચનામૃતો

### આત્મિક સુખ

(આત્મિક આનંદના વિષયમાં આપે કહેલું) જ્યાં એકવાર આનંદની ઘૂંટ પી લીધી, ત્યાં તો વારંવાર તે જ ઘૂંટ પીવા માટે પોતાની તરફ આવવું પડશે. બીજી કોઈ જગ્યાએ પરિણતિને રસ જ નહિં પડે. વારંવાર પોતાની તરફ આવવાનું જ લક્ષ રહેશે. બીજો બધો રસ ઉડી જશે. (૨૧)

❁

પ્રશ્ન : નિર્વિકલ્પ ઉપયોગમાં કેવો આનંદ આવે છે ?

ઉત્તર : નિર્વિકલ્પ ઉપયોગના સુખની તો શું વાત કહીએ ! પરંતુ સમજાવવા માટે (જેમ) શેરડીના રસના ઘૂંટડાં પીવાય છે, તેમ આનંદના ઘૂંટડા એક પછી એક ચાલતા જ રહે છે, તેમાંથી નીકળવાનો ભાવ જ ન આવે ! (૩૩)

❁

આનંદના અનુભવમાં તો રાગથી પણ ભિન્ન ચૈતન્યગોળો છૂટો એકલો અનુભવમાં આવે છે. તેના આનંદની શું વાત કરીએ ! એ તો અંદરથી નીકળવું જ ગમે નહિ, બહારમાં આવતાં જ ભઠ્ઠી ભઠ્ઠી લાગે. (૯૧)

❁

હું એવી ભૂમિ છું જ્યાંથી ક્ષણે ક્ષણે નવાં નવાં ફળ ઉત્પન્ન થતાં જ રહે છે. જેમ ભૂમિમાં ઋતુ-ઋતુ અનુસાર અનેક ફળ થતાં રહે છે તેમ, હું એવી ભૂમિ છું જ્યાંથી સુખનું ફળ ઉત્પન્ન થતું જ રહે છે. હું અમૃતરસથી જ ભરેલો છું. વળી હું એવી ભૂમિ છું જ્યાં ફળ માટે જળની પણ જરૂર નથી, કારણકે હું સ્વયં જ સુખરૂપ છું. બીજા પદાર્થોની અપેક્ષા જ નથી. (૧૮૬)

❁

અહીં (સ્વરૂપમાં) દૃષ્ટિ આવતાં જ સુખનો – સ્રોતનો સ્રોત વહેવા લાગશે. (૨૭૪)

❁

(નિર્વિકલ્પ દશામાં) વીજળીના કરંટની માફક અતીન્દ્રિય સુખ પ્રદેશ-પ્રદેશમાં વ્યાપીને પ્રસરી જાય છે. ...ઝણઝણાટ...! કાળ થોડો છે, પણ તેથી શું ? (કાળ થોડો હોવાથી તેની મહત્તા ઓછી નથી. નિર્વિકલ્પ આત્માના અતીન્દ્રિય આનંદની અનુભવદશાનું માહાત્મ્ય અચિંત્ય મહિમાવંત છે કેમકે એક ક્ષણાર્ધમાં અનંતભવનો નાશ થઈ જાય છે.) (૩૦૫)

❁

વીજળીનો કરંટ લાગતાં જ ભય લાગે છે, અને તેનાથી હઠવા ઈચ્છીએ છીએ. પરંતુ ત્રિકાળી સ્વભાવમાં પ્રવેશ કરતાં જ એવા આનંદની સનસનાટી થાય છે કે તે આનંદથી ક્ષણ પણ હઠવા ચાહતા નથી. (૩૭૧)

❁

વિકલ્પ દુઃખરૂપ લાગવો તે પણ નાસ્તિ છે. અસ્તિમાં તો 'હું' સુખથી ભરપૂર છું, સુખની ખાણ છું. (૪૧૭)

❁

સહજ સુખ (બીજા) બદાનો સહજ જ નિષેધ કરે છે. (૪૪૫)

❁

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૦ : અંક-૨૦૫, વર્ષ-૧૯, ઓક્ટોબર-૨૦૧૪


## આસો સુદ ૧૨, શુક્રવાર, તા.૧૩-૧૦-૧૯૭૮, બહેનશ્રીના વચનામૃત-૩૧૬ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન-૧૧૮

**પોતાનો મહિમા જ પોતાને તારે. બહારના ભક્તિ-મહિમાથી નહિ પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે. ચૈતન્યના મહિમાવંદને ભગવાનનો સાચો મહિમા હોય છે. અથવા ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્યમહિમા સમજવામાં નિમિત્ત થાય છે. ૩૧૬.**



ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ (છે), તેની અંદરમાં મહિમા હોય તો આત્માના તરવાને ઉપાય હાથ આવે છે. છે ? '**પોતાનો મહિમા જ...**' અંદર જે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ આવે એ શુભરાગ છે. એની મહિમા આવે એ મિથ્યાદષ્ટિ છે. ઝીણી વાત છે, ભાઈ ! પોતાનું નિજ સ્વરૂપ નિત્યાનંદ પ્રભુ, સહજાત્મસ્વરૂપ જે જ્ઞાયકભાવ, એની મહિમા આવે તો સમ્યગ્દર્શન થાય છે, તો તરવાનો ઉપાય એને હાથ લાગે છે. આહા..હા..! આવી વાત છે.

'**બહારના ભક્તિ-મહિમાથી નહિ...**' ભગવાનની ભક્તિ હોય કે પડિમા ધારવી વિકલ્પ-રાગ હોય, એની મહિમાથી આત્માનો ધર્મ નથી થતો. આહા..હા..! આવી વાત છે, પ્રભુ! ઝીણી વાત બહુ. આહા..હા..! કેમ ? કે આત્મા જ્ઞાયકસ્વભાવથી ભરેલો (પદાર્થ), એ દયા, દાન, વ્રત, પડિમાના કે ભક્તિના વિકલ્પ, ખરેખર તો એનાથી મુક્ત ભિન્ન છે. સમજાણું કાંઈ ? ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ પ્રભુ, શુદ્ધ જ્ઞાનઘન એનાથી પુણ્યના પરિણામ જે દયા, દાન, વ્રત આદિ વિકલ્પ છે, એ તો આત્માના સ્વભાવથી છુટા

પડ્યા છે, ભિન્ન પડ્યા છે. આવી વાત છે.

મુમુક્ષુ : ભિન્ન કે વિરુદ્ધ ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ભિન્ન પડ્યા છે, જુદાં પડ્યા છે. પોતાના સ્વભાવમાં નથી. આહા..હા..! આવી વાત ઝીણી, ભાઈ !

આમ તો અનંતવાર મુનિવ્રત ધારણ કર્યા, પંચ મહાવ્રત લીધા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, એ તો બધી રાગની ક્રિયા છે. આહા..હા..! એ રાગની ક્રિયાની મહિમાને કારણે પોતાના સમ્યગ્દર્શન સ્વરૂપની મહિમા ન આવી. આહા..હા..! છે? '**ભક્તિ-મહિમાથી...**' ભગવાનની ભક્તિ, તીર્થંકર ત્રિલોકનાથની પ્રતિમા, મૂર્તિ કે સાક્ષાત્ ભગવાન, એની ભક્તિ પણ રાગ છે. આહા..હા..! એની '**મહિમાથી નહિ...**' એની મહિમાથી પોતાનું સમ્યગ્દર્શનતરણ ઉપાય પ્રગટશે નહિ. આવી વાત છે, પ્રભુ ! શું થાય ? જગત ક્યાંનું ક્યાંય પડ્યું છે અને વસ્તુ ક્યાંય પડી છે. આહા..હા..!

જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યદળ. શુદ્ધ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ ! એની મહિમા ન આવતા, આ ભક્તિ આદિ બહાર પરમાત્માની ભક્તિ કે વ્રત કે અપવાસનો વિકલ્પ જે રાગ છે, એ મહિમાથી પોતાની મહિમા નથી આવતી. આહા..હા..! આવી વાત છે. લોકોને આકરું લાગે, શું કરે ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' અનંત વાર મુનિવ્રત ધારણ કર્યા, દિગંબર થયો, હજારો રાણીનો ત્યાગ કર્યો, દ્રવ્યલિંગ નગ્ન ધારણ કર્યું, અઠ્યાવીશ મૂળગુણ, મહાવ્રત આદિ પાળ્યા, પણ એ તો રાગ છે. પ્રભુ ! પ્રભુ ! બહુ ઝીણી વાત, ભાઈ ! એ રાગની ક્રિયા એનાથી જ્ઞાયકસ્વરૂપ ભગવાન ભિન્ન છે. છૂટા પડ્યા છે. એકત્વ નથી. એકત્વ માન્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

જ્ઞાયકસ્વરૂપ ભગવાન પ્રભુ ! સચ્ચિદાનંદ સહજાત્મસ્વરૂપ ધ્રુવ ચૈતન્ય, એની મહિમા, એની મોટપ, એ રાગથી ભિન્ન-અધિક ભિન્ન થઈને પોતાની મહિમામાં જાય ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! એવી વાત છે. '**ભક્તિ-મહિમાથી નહિ...**' ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરની સાક્ષાત્ સમવસરણમાં ભક્તિ અનંતવાર કરી. સમવસરણમાં મણિરત્નના થાળ, કલ્પવૃક્ષના ફૂલ, હીરાનો થાળ, મણિરત્નના દીવા(થી પૂજા કરી). સમવસરણમાં મહાવિદેહક્ષેત્રમાં અનંતવાર જન્મ્યો છે. અને ત્યાં સમવસરણમાં અનંતવાર ગયો છે અને અનંતવાર ત્યાં ભગવાનની ભક્તિથી આરતી પણ ઉતારી છે. પણ એ તો શુભરાગ છે. જ્યાં સુધી તેની મહિમા આવે છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આવી આકરી વાતું, ભાઈ !

અંતર ભગવાન શુભરાગના, વિકલ્પના છોતરાથી ભગવાન ભિન્ન અંદર છે. અરે..! કેમ બેસે ? અંતર્મુખ દૃષ્ટિ કરતાં, બાહ્ય દૃષ્ટિ વિકલ્પ આદિ રાગની દૃષ્ટિ છોડીને... આહા..હા..! જે એમાં નથી, એની દૃષ્ટિ અને રુચિ છોડીને અંતરમાં જ્ઞાયક ત્રિકાળી આનંદનો નાથ, પ્રભુ સહજાત્મસ્વરૂપ, એમાં દૃષ્ટિ લગાવવાથી, એની મહિમા કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! આવું છે. જગતથી ઘણું ઊંધું, ભાઈ !

'**પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે.**' આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ, ચૈતન્યલોક આનંદ આદિ અનંત ગુણથી ભરેલો, પ્રભુ ! એ ચૈતન્યની પરિણતિ, એ ભક્તિ આદિ જે પરિણતિ છે એ તો રાગની પરિણતિ છે. આહા..હા..! આવું આકરું છે, ભાઈ ! કેમ કે બહિર્લક્ષી વૃત્તિ છે. ભક્તિ આદિ, વ્રત આદિ, તપ આદિ બધી બહિર્લક્ષી વૃત્તિ છે. ભલે શુભરાગ હોય, પણ એ બહિર્લક્ષી વૃત્તિ છે. આહા..હા..! એમાં ચૈતન્યની પરિણતિ નથી. આહા..હા..!


જ્ઞાયક ભગવાન ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ પ્રભુ ! એની **'ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે.'** આહા..હા..! આકરું કામ ભારે. વ્યવહાર ભક્તિ આદિનો ભાવ તો રાગ છે. એ તો એણે અનંતવાર કર્યા છે, પણ સમ્યગ્દર્શન થયું નથી. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયા.' એ મહાવ્રત આદિ લીધું, પડિમા ધારણ કર્યા, એ બધો રાગ છે, દુઃખ છે. આહા..હા..! રાગથી ભિન્ન ભગવાન ચૈતન્યસ્વરૂપ, એનું જ્ઞાન કર્યું નહિ તો આનંદ આવ્યો નહિ,. દુઃખ થયું. આહા..હા..! આવું સ્વરૂપ છે. લોકોને આકરું લાગે, શું થાય ? આહા..! માર્ગ તો આ છે. ત્રણ લોકના નાથ, જિનેશ્વરદેવ, પરમાત્મા, એની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. સમજાણું કાંઈ ?

ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ ભગવાન, એની પરિણતિ. પરિણતિ નામ એની નિર્મળ દશા. ભક્તિ આદિ, વ્રત આદિનો ભાવ તો મલિન દશા છે. આહા..હા..! એ મલિન દશાની આત્માને મહિમા આવે છે, તો એ મિથ્યાદ્રષ્ટિ છે. આહા..હા..! પોતાનું ચૈતન્ય, એ ભક્તિ આદિ, રાગાદિ, વિકલ્પાદિથી ભિન્ન પ્રભુ અંદર છે. કેમ કે ભક્તિ આદિ પરિણામ પુણ્યતત્ત્વ છે અને ભગવાન આત્મા તો પુણ્યતત્ત્વથી જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. આહા..હા..! એનો અર્થ એ છે કે ચૈતન્યલોક ભગવાન એ રાગથી મુક્ત જ છે. કેમ કે પરચીજ છે ને ! આ વાત કેમ બેસે ? આહા..હા..! એ રાગનો વિકલ્પ જે છે, બહાર વ્રતના, પંચ મહાવ્રતના, પડિમાનો રાગ, એ તો બધો વિકારભાવ છે. એ બધું પોતાના સ્વરૂપથી ભિન્ન છે. એની પરિણતિ તો મિથ્યાત્વ, એને માનવાથી ધર્મ થાય એ તો મિથ્યાત્વની પરિણતિ છે. પરિણતિ નામ મિથ્યાત્વની દશા છે. આહા..હા..!

**'ચૈતન્યની પરિણતિમાં...'** જ્ઞાયકસ્વરૂપની દૃષ્ટિ થતાં, જે જ્ઞાયકની શુદ્ધ ચૈતન્યદશાની દશા હોય, એ ચૈતન્યની નિજ મહિમાથી તરાય છે. એનાથી તરણનો ઉપાય એ છે. બહુ આકરું લાગે. શું થાય ? આહા..હા..! અશુભભાવ પણ અનંતવાર કર્યા છે અને એવા વ્રત, તપ, ભક્તિ, અપવાસ, છ-છ મહિનાના અપવાસ, ભગવાનની આરતી, કરોડોના દાન ને કરોડો મંદિરો બનાવ્યા, એવા શુભભાવ અનંત વાર કર્યા છે, ભાઈ ! એ ચીજ કોઈ નવી નથી. આહા..હા..! એ રાગની જેને મહિમા આવે છે, એને નિર્વિકાર ચૈતન્ય ભગવાનની મહિમા નથી અને જેને ચૈતન્ય નિર્વિકારની મહિમા છે, એને રાગની મહિમા આવતી નથી કે મેં શુભભાવ આમ કર્યો... આમ કર્યો. એ મહિમા ધર્મીને આવતી નથી. આહા..હા..! આવું સ્વરૂપ છે. આકરું પડે.

**'ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે.'** જેને ભગવાન જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન, ધ્રુવ, એનો જેને મહિમા છે, એને ભગવાનનો સાચો મહિમા હોય છે. આહા..હા..! બાકી તો ભગવાન બહારના આવા છે, અતિશય છે, ભગવાન બોલતા નથી, દિવ્યધ્વનિ છે. એ તો પરવસ્તુ છે. અંતરમાં ભગવાન જ્ઞાયકસ્વરૂપ, એની મહિમાથી ચૈતન્યપરિણતિ થઈ, એને જ ભગવાનનો યથાર્થ મહિમા આવે છે. આવું છે, ભાઈ ! છે ?

**'ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે. અથવા ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્યમહિમા સમજવામાં નિમિત્ત થાય છે.'** ભગવાન સર્વજ્ઞ વીતરાગ અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ. એને સમજવાથી હું આવો છું. હું પણ અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ, જ્ઞાયકસ્વરૂપ અખંડાનંદ નાથ (છું). એમ નિમિત્તને દેખીને પોતાના સ્વભાવની મહિમા આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભાઈ ! આ તો અધ્યાત્મ તત્ત્વની વાત છે. આહા..હા..!



## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૧૭૨ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા.૧૨-૨-૧૯૮૩, પ્રવચન નં.૬૬૧ (વિષય : વિધિ)

**અનુભવની વિધિનું વર્ણન કરતાં આચાર્યદેવ કહે છે કે જીવદ્રવ્ય પોતાની મેળે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવાને સમર્થ છે. રાગની મંદતા હતી કે ઘણાં વ્રત-તપ આદિ કર્યા તેથી આત્મજ્ઞાન થયું તેમ નથી. પોતાના સ્વરૂપનું જ્ઞાન ન હતું ત્યારે અજ્ઞાનપણે વિકારના ભાવને વેદવા અનુભવવા સમર્થ હતો એવો જીવદ્રવ્ય પોતે પોતાની મેળે પોતાના શુદ્ધદ્રવ્યને અનુભવવા સમર્થ છે, પણ અજ્ઞાનીને નિજદ્રવ્યની કિંમત નથી. ૧૭૨.**

'પરમાગમસાર' પાનું-૫૧. ૧૭૨ નંબર છે. ૪૮માં કળશના પ્રવચન ઉપર છે. ૧૭૧માં જે વિષય ચાલ્યો તે જ વિષય ૧૭૨ નો છે. એક જ પ્રવચન ચાલે છે. જરા વધારે સ્પષ્ટીકરણ કરે છે.

**'અનુભવની વિધિનું વર્ણન કરતાં આચાર્યદેવ કહે છે કે જીવદ્રવ્ય પોતાની મેળે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવાને સમર્થ છે.'** દૃષ્ટાંત લીધો હતો. સાતમી નારકીમાં એને કોઈ નિમિત્ત નથી. એને કોઈ વિધિ બતાવનાર ત્યાં પ્રત્યક્ષ વિદ્યમાન નથી. છતાં અંતરમાં ભેદજ્ઞાન દ્વારા પોતાના જ સામર્થ્યથી શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવાનો પુરુષાર્થ પોતે પ્રગટ કરે છે. પોતાના પુરુષાર્થથી પોતાના શુદ્ધ સ્વરૂપને અનુભવે છે. એમ સ્વીકારે તો એને કોઈની સામે જોવાનું રહેતું નથી. જો એમ સ્વીકારે તો એને કોઈની સામે જોવાનું રહેતું નથી.

મૂળ કળશ જોઈએ. સાદો અર્થ શું છે ? ૪૮મો એટલે કર્તા-કર્મ અધિકારનો શરૂઆતનો કળશ. મંગળિકનો ૪૬મો છે. ત્યાર પછી ૪૭મો છે-ભેદોના કથનને ગૌણ કરવાનો. ૪૮મો છે. **'એ રીતે પૂર્વકથિત વિધાનથી,...'** ૭૪ ગાથા પૂરી કરી છે. ૬૯થી અધિકાર શરૂ થયો છે. અધિકારની પાંચ ગાથા પૂરી કરી છે. પછી આ શ્લોક છે. **'એ રીતે પૂર્વકથિત વિધાનથી,...'** વિધિ બતાવે તે વિધાન. **'હમણાં જ (તુરત જ) પરદ્રવ્યથી ઉત્કૃષ્ટ (સર્વ પ્રકારે) નિવૃત્તિ કરીને વિજ્ઞાનઘનસ્વભાવરૂપ એવા કેવળ પોતાના પર નિર્ભયપણે આરૂઢ થતો...'** વિજ્ઞાનઘનસ્વભાવરૂપ એવા કેવળ પોતાના પર નિર્ભયપણે આરૂઢ થતો **'અર્થાત્ પોતાનો આશ્રય કરતો...'** સ્વયં શબ્દ લીધો છે. **'विज्ञानघनस्वभावम् परम् स्वयं अभयात् आस्तिध्नुवानः'** નિર્ભયપણે આરૂઢ થતો.

**'અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિના અભ્યાસથી થયેલા કલેશથી નિવૃત્ત થયેલો સ્વયં ज्ञानीभूतः'** સ્વયં શબ્દ ફરીને છે. **'પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો, જગતનો સાક્ષી (જ્ઞાતાદૃષ્ટા) પુરાણ પુરુષ (આત્મા) અહીંથી હવે પ્રકાશમાન થાય છે.'** આવો કળશ છે. **'स्वयं ज्ञानीभूतः'** પોતાની મેળે જ્ઞાનસ્વરૂપ થયો થકો. પોતે જ્ઞાનસ્વરૂપ સ્વયં થયો થકો. એમાંથી આ ભાવ કાઢ્યો છે. એટલે 'ગુરુદેવશ્રી' ભાવ ખેંચે છે એ આ ખેંચે છે.

એટલે અનુભવની જે પર્યાય છે તે કાળનો જે પુરુષાર્થ છે તે જીવદ્રવ્ય પોતાની મેળે તે પુરુષાર્થ સ્વરૂપે પરિણમેલું છે. એમ લેવું છે. જીવદ્રવ્ય તે કાળે પોતાની મેળે તે પુરુષાર્થરૂપે પરિણમેલું છે. પૂર્વ પર્યાયના કારણે પરિણમેલું છે, રાગ ઘણો મંદ થયો તેથી પરિણમેલું છે એમ નથી. રાગ તો ઠીક પણ રાગરસ મંદ થાય છે ત્યારે

સ્વરૂપ રસ ઉત્પન્ન થવાનો અવકાશ થાય છે, જો સ્વરૂપ સંબંધિત પુરુષાર્થ કરે તો. એટલી શરત છે. એવો રાગરસ રસને બતાવનારા જે પરિણામ છે, જેને લેશ્યા પરિણામ કહ્યા છે. શાસ્ત્રમાં રસને બતાવનારા પરિણામને લેશ્યા પરિણામ કહે છે. જીવને શુક્લલેશ્યાના પરિણામ થાય છે. દ્રવ્યલિંગીને શુક્લલેશ્યાના પરિણામ થાય છે. નવમી ગ્રૈવેયક જાય. તોપણ એને લઈને એને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય એમ નથી. શુક્લલેશ્યાના પરિણામ થાય તો જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય એમ નથી. કારણ-કાર્ય પડતું નથી એમ કહેવું છે.

શુદ્ધ સ્વરૂપનો પુરુષાર્થ એ શક્તિનું સ્વયંનું પરિણમન છે. સ્વતંત્ર પરિણમન છે. તેથી એને પોતાની શક્તિને જ સંભાળવી રહી અને કોઈની સામે એને જોવાનું રહ્યું નહિ. પર નિમિત્ત સામે તો જોવાનું રહ્યું નહિ પણ આટલો રાગ મંદ થયો માટે હવે કાંઈક મને અંદરમાં ઘણી રાગની મંદતાને લઈને અનુભવની હવે અનુકૂળતા થઈ એમ પણ એને વિચારવું રહ્યું નહિ. રાગની ઘણી મંદતા કરી છે માટે હવે મને અનુભવ કરવામાં ઠીક પડશે એ પ્રશ્ન નથી. એવું તો હરગીઝ નથી કે તીવ્ર રાગ હોય અને તીવ્ર રાગરસ હોય એને અનુભવ થાય. એ તો કોઈ વિચારવાનો વિષય જ નથી. એક મંદ રાગમાં ભ્રાંતિ થાય છે. રાગરસ મંદ પડે ત્યારે ભ્રાંતિ થાય કે હવે આને કારણે કાંઈક અનુભવ તો થશે ને ? એ વાત એને ભૂલાવામાં નાખે એવી છે.

મુમુક્ષુ :- રાગરસનો ખ્યાલ કેવી રીતે આવે ?

પૂજ્ય ભાઈશ્રી :- રસ છે એ અનુભવનો વિષય છે, જુઓને ! કોઈપણ પ્રસંગમાં રસ તીવ્ર થાય છે કે નહિ ? કોઈપણ પ્રસંગે રસ તીવ્ર થાય છે કે નહિ ? અનુભવથી જ રસને સમજવો. કોઈપણ શુભાશુભ પ્રસંગમાં તીવ્ર રસ આવે છે કે નહિ ? અથવા જે વિષય એને ગમે છે એ વિષયનું ઉદયમાનપણું થાય છે, રુચતા વિષયનું ઉદયમાનપણું થાય છે ત્યારે રસ તીવ્ર થાય છે કે નહિ ? એને સમજી શકાય એવું છે. અનુભવથી સમજી શકાય એવું છે કે એ તીવ્ર-મંદ શું છે ? નથી સમજી શકાય એવું ? ગુસ્સો આવે ત્યારે ગુસ્સાનો રસ તીવ્ર થાય છે, લોભનો પ્રકાર છે પ્રાપ્તિ. બહારમાં સંયોગોની પ્રાપ્તિનો પ્રકાર છે ત્યાં રસ તીવ્ર થાય. માન-પ્રકૃતિમાં માનની ઈચ્છા હોય અને કોઈ માન આપે ત્યારે એનો રસ તીવ્ર થાય. થાય છે કે નહિ ? એનો જે રસ તીવ્ર થાય છે એમાં તો કોઈ જીવને કષાયરસની તીવ્રતામાં સ્વાનુભવ પ્રગટ થાય, ચૈતન્યરસ ઉત્પન્ન થાય એ તો પ્રશ્ન છે નહિ. પણ રસ મંદ થાય તોપણ એને કારણે અહીંયાં અનુભવ થાય એ પણ વસ્તુના સ્વરૂપમાં નથી. આ એક વિશિષ્ટ વાત છે. આ શ્લોકની આ વિશિષ્ટ વાત છે. ૪૮મો કળશ છે ને ? એમાંથી આ વાત ઉપસાવી છે.

નિમિત્ત સામે તો તારે જોવાનું રહેતું નથી પણ તારા રાગરસની મંદતા સામે પણ તું જોઈશ નહિ કે આમ થયું, હવે આમ થશે. આમ થયું માટે હવે આમ થશે. એમ નથી. એટલી વાત જરૂર છે કે જેને શુદ્ધાત્માનું લક્ષ છે એને એ શુદ્ધાત્માના ચૈતન્યરસની ઉત્પત્તિ થવાનો પ્રકાર હોવાથી, એના પરિણામમાં ચૈતન્યરસ ઊપજવાનો પ્રકાર હોવાથી વિભાવરસ અવશ્ય મંદ પડે છે. એવું જરૂર બને છે. પણ વિભાવરસ મંદ પડે એટલે અહીંયાં અનુભવ થયો એમ એનો આધાર લેવા જાવું નહિ. કષાયની તીવ્ર-મંદતાનો આધાર લઈને આગળ વધાતું નથી. કષાયની તીવ્રતાના આધારે તો આત્મામાં આગળ વધાતું નથી, પણ મંદતાનો આધાર લઈને પણ આગળ વધાતું નથી. એમ સિદ્ધાંત લેવો છે અહીંયાં. જે સિદ્ધાંત લેવો છે એ એ પ્રકારે લેવો છે.

મુમુક્ષુ :- ધ્રુવનો આધાર લેવો ?

પૂજ્ય ભાઈશ્રી :- જેનું લક્ષ છે એ આધારનો વિષય છે. જે શુદ્ધાત્મા જ્ઞાનમાં આવ્યો, જેનું લક્ષ બંધાણું કે આ હું. એમ જે લક્ષ બંધાણું એનો આધાર લેવાની વાત છે. એના આધારે કષાયાદિના રસ મંદ પડી જશે. પણ એ તો જાણવાના વિષયમાં જાય છે, એ જ્ઞાન કરવાના વિષયમાં જાય છે. એ આધાર અને અવલંબન લેવાના વિષયમાં નથી જતું. એમ કહેવું છે. ઉપર એ શબ્દ વાપર્યો છે કે, '**વ્યવહારરત્નત્રયના રાગના અવલંબનની બિલકુલ જરૂર નથી.**' એ સ્પષ્ટ પરિભાષા ત્યાં આવે છે.

કે એનું અવલંબન તું ન લઈશ. એના અવલંબને કાર્ય નહિ થાય.

જીવ શું ભૂલ કરે છે ? આ ભૂલ ટાળવાની ખૂબી બતાવે છે કે રાગ મંદ થયો ને ? હવે મને અંદરમાં સ્વરૂપસ્થિરતાની અનુકૂળતા થઈ જશે. એમ રાગનું અવલંબન લે છે. રાગની મંદતા થઈ એનું અવલંબન લે છે. કહે છે કે રાગની કોઈ સ્થિતિનું અવલંબન તું ન લે. વીતરાગસ્વરૂપી એવો તું આત્મા અનંત સામર્થ્યવંત, તારા નિજ સામર્થ્યથી તારું નિજકાર્ય-સ્વકાર્ય સધાય એવો તારો સ્વભાવ છે. રાગની કોઈ મંદતાની સ્થિતિનું પણ અવલંબન લઈને કાર્ય સધાય, કાર્ય સિદ્ધિ થાય એવું તારું સ્વરૂપ નથી. એમ કહેવું છે.

મુમુક્ષુ :- અવલંબન એટલે રાગની સામે જોવે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ આધાર લેવાય જાય છે. એને સાધન કલ્પી લેવામાં આવે છે. એને સાધન ગણવામાં આવે છે કે આ રાગ મેં મંદ પાડ્યો. સામાન્ય રીતે તો જીવો ત્યાંથી અજ્ઞાનમાં ઉપડે છે કે પહેલા તો રાગના નિમિત્તો છોડો. એટલે બહારના ત્યાગમાં આવે છે. પ્રતિજ્ઞાપૂર્વક બહારના વિષયો છોડતા, બહારના પદાર્થોનો ત્યાગ કરતા તે પ્રકારના પરિણામ સામાન્યપણે મંદ થઈ જાય છે. અભાવ તો નથી પામતા. કેમકે અભાવ તો સ્વરૂપસ્થિરતાના સ્વભાવના સદ્ભાવમાં જ વિભાવનો અભાવ થાય છે. પણ એ પરિણામ મંદ થાય છે. કોઈને રસ મંદ થાય તો અત્યંત મંદ પણ થાય છે. તો એટલું મેં કર્યું, એમ અવલંબન લે. એમ મેં કર્યું, એવું મેં કર્યું તેથી હવે મને અનુભવ થશે એમ અવલંબન સાધન ગણીને, સાધન ગણતા અવલંબન લે છે તો એવા અવલંબનથી બિલકુલ આત્માનો અનુભવ થાય એ પરિસ્થિતિ નથી. અવલંબન એને પોતાના સ્વદ્રવ્યને ઓળખીને એનું લેવાનું છે.

નિજ શુદ્ધાત્મ દ્રવ્યને, સ્વભાવને ઓળખતા, અનંત સામર્થ્યને ઓળખતા એનું લક્ષ બંધાય જાય છે કે હું આવો જ છું. જેટલું જ્ઞાન એને સુસ્પષ્ટપણે ગ્રહે છે. તેટલું જ તેનું અવલંબનનું બળ ઊપજે છે. અને ત્યારે એનું સ્વકાર્ય સધાય છે. એ સિવાય બીજી વિધિ નથી. બીજાના અવલંબનનું રાગનું કે નિમિત્તનું અવલંબન લેવાનો પ્રકાર આવવો નહિ જોઈએ. જેમકે ચાલો શાસ્ત્ર તો કલાક, બે કલાક, ચાર કલાક વાંચીએ છીએ. (એમ) અવલંબન લે. અથવા ચાલો જ્ઞાનીની વાણી પ્રત્યક્ષ સાંભળવા તો મળી. 'ગુરુદેવ'ની વાણી તો બે-બે કલાક રોજ સાંભળવા મળી. જ્યારે સાંભળતા હતા ત્યારે. એમ એના અવલંબને જાય એને કાર્ય નથી થતું, એમ કહે છે. એના અવલંબને કાર્ય નહિ થાય. એ શાસ્ત્ર અને ગુરુ એમ કહે છે કે તને તારા અવલંબને કાર્ય થશે અને મારા અવલંબને નહિ થાય. એમ સ્પષ્ટ કહે છે. એમ તું માન, એમ તું સ્વીકાર. એના બદલે તું વિપરીત અવલંબન લે તો કદિ કાર્ય થવાનો અવસર નથી. શું કહે છે ?

મુમુક્ષુ :- જે જીવે અવલંબન લેતો નથી એ તો માર્ગમાં આવતો નથી ને ? ભૂમિકા અનુસાર એને શાસ્ત્રનું અવલંબન કે સ્વાધ્યાય...?

પૂજ્ય ભાઈશ્રી :- અવલંબન ન લેવું. વચમાં ભલે આવે. નિમિત્ત તરીકે વચમાં ભલે આવે. પણ એનું અવલંબન ન લેવું. આવે એનો વાંધો નથી. પણ અવલંબન લેવાનો વાંધો હોય છે. જે વાંધો લે છે એ મુદ્દાની રકમમાં લે છે. આવે એનો વાંધો કોઈ નથી લેતા. પણ મુદ્દાની રકમ જ્યાં અવલંબન લેવાની વાત છે ત્યાં શાસ્ત્ર અને ગુરુ પોતે વાંધો લે છે કે નહિ-નહિ. ભલે તને અમારો યોગ થયો, એ કોઈ એવો જ પુણ્યયોગ હતો તો ગુરુ-શાસ્ત્રનો યોગ થયો. શાસ્ત્રનો, ગુરુનો યોગ થવો, સત્શાસ્ત્રનો યોગ થવો, સદ્ગુરુનો યોગ થવો, પુણ્યયોગ છે એ. કોઈ પૂર્વકર્મના ઉદયે યોગ થયો. પણ યોગ થયો માટે અવલંબન લેવું એની તો એ પોતે ના પાડે છે. એ તો અમારી આજ્ઞા નથી એ. અમારી આજ્ઞા ઉપર પગ દઈને ચાલવું એમાં અમારું માનવું ક્યાં આવે છે ? આમ છે.

મુમુક્ષુ :- આખું ધ્યેય બદલાય જાય છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- આખું ધ્યેય બદલાય જાય છે. એનો રસ્તો અંતર્મુખનો છે, એનું ધ્યેય અંતર્મુખ છે એના બદલે એને બહારનું ધ્યેય થઈ જાય છે. એમ છે. આ

વીતરાગી વાણીમાં જ આ પરિસ્થિતિ છે. બધા ધર્મના ઈશ્વર કહેવાય, મહાપુરુષ કહેવાય એનો સામાન્ય ઉપદેશ એવો છે કે તું મારા શરણે આવ, હું તને મુક્ત કરી દઈશ. 'ગીતા'માં એ આવે છે. 'મામ એકમ્ શરણં ભજે.' તું મારા એકના. 'મામ એકમ્' મારા એકના શરણે આવ 'અહં તું મોક્ષ એશ્યામી મહાસૂચ' હું તને મોક્ષ પમાડીશ. જરાય વિચાર કરમાં તું. મહાસૂચ. સોચમાં તું. કાંઈ વિચાર કરીશ નહિ. તું એક મારા શરણે આવી જાને. તારો હું મોક્ષ કરાવી નાખીશ. આવો સામાન્ય રીતે ઉપદેશ હોય છે. એક વીતરાગી વાણીમાં વીતરાગદેવ એમ કહે છે, વીતરાગી ગુરુ એમ કહે છે, વીતરાગી શાસ્ત્રો એમ કહે છે કે તું અંતર્મુખ થા અને અમારા અવલંબને, શુભરાગથી જે અમારું અવલંબન તને વર્તે છે એ પણ અમારી આજ્ઞા નથી. એમ કરવાની પણ અમારી આજ્ઞા નથી. આ વીતરાગી વાણીમાં છે.

'ગુરુદેવશ્રી' કહેતા કે, મોઢા સામે કોળિયો આવે કોને ન ગમે ? કે એક વીતરાગની એ શક્તિ છે, વીતરાગતામાં એ સામર્થ્ય છે કે એ મોઢા સામે કોળિયો આવે તોપણ એ સામું જોતા નથી. સમવસરણની સ્તુતિમાં છે ને ? 'ભલે સો ઈન્દ્રોના રતનમય સ્વસ્તિક બનતા' સો-સો ઈન્દ્રો સમવસરણમાં ભગવાનને વંદન કરે છે, નમસ્કાર કરે છે. 'નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા, સ્વરૂપે ડૂબેલા નમન તુજને ઓ જિનવરા.' એની સામું તમે તો જોતા નથી. આ સો ઈન્દ્રો વંદન કરે છે એની સામું તમે જોતા નથી. તમે તો સ્વરૂપમાં ડૂબેલા રહો છો. એવા હું આપને નમસ્કાર કરું છું. શું કરવા ? કે એવું થવું છે માટે નમસ્કાર કરું છું. બીજું કોઈ કારણ નથી. 'વંદે તદ્ગુણ લબ્ધયે' એવા ગુણની પ્રાપ્તિ અર્થે હું નમસ્કાર કરું છું.

મુમુક્ષુ :- એક બાજુ આ વાત છે અને બીજી બાજુ એમ કહે, વીંટાઈને રહેશે તો...

પૂજ્ય ભાઈશ્રી :- એ આમ વીંટાઈ રહેવાની વાત છે. એનો અર્થ છે કે બહુમાન લાવજે. ગુણોનું બહુમાન તું લાવજે. તને ગુણોનું અત્યંત-અત્યંત બહુમાન આવશે તો આત્મિક ગુણો પ્રત્યે ઢળવાનો અવસર છે. ગુણોની મહિમા છે, ગુણની મહિમા છે એમાં. બીજું કોઈ કારણ નથી.

મુમુક્ષુ :- વચ્ચે આવે ખરા અને અવલંબનમાં બેમાં ફેર શું ?

પૂજ્ય ભાઈશ્રી :- ફેર છે. અવલંબન ન આવે. આવે ખરું, ઘણું બહુમાન આવે. દેવ-ગુરુ-શાસ્ત્રનું ઘણું બહુમાન આવે કે, અહો..! જગતમાં અનંત અનંતકાળથી જીવોને નહિ પ્રાપ્ત થતો એવો અંતર્મુખતાનો માર્ગ, એ સન્માર્ગના દેખાડનાર દેવ-ગુરુ-શાસ્ત્ર જયવંત વર્તો ! ઘણું બહુમાન આવે તોપણ અંતરમાં શુદ્ધાત્માના અવલંબનની વાત મુખ્ય રાખીને એ વાત છે. એ વાતને ગૌણ કરીને એ ક્યાંય છે એવું હોઈ શકે નહિ. એમ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે આખરમાં એને ખબર છે. બહુમાન લાવનારને પણ એ ખબર છે કે મારે સ્વરૂપસ્થ થવા માટે આ બધું ચાલે છે. આમાં શું છે ? વ્યવહારમાં પ્રક્રિયા બદલાય છે છતાં નિશ્ચય પ્રયોજન બદલાતું નથી. વ્યવહારના પડખાની અનેકવિધ પ્રકારની પ્રક્રિયા બદલાય છે. એક માણસ પૈસા કમાવાના પ્રયોજનથી વ્યાપર કરે કે કારખાનું નાખે તો અનેક પ્રકારે વ્યવહાર કરે છે. માલ ખરીદવાનો વ્યવહાર કરે, માલ વેચવાનો વ્યવહાર કરે, માલ બનાવવાનો એક Form માંથી બીજા Form માં, કાચામાલમાંથી પાકો માલ (બનાવે) એ તો Transfer - એની અવસ્થા જ બદલે છે ને ? અનેક જાતનો વ્યવહાર કરવા છતાં સળંગ નિશ્ચય આર્થિક પ્રયોજન છે. ક્યાંય નિશ્ચય બદલાય છે ? એમ ગુણ સામે જોવે તોપણ એક જ પ્રયોજન છે અને દોષનું જ્ઞાન કરે તોપણ એ જ પ્રયોજન છે.

કાલે પ્રશ્ન ઊઠ્યો હતો ને ? 'દીઠા નહિ નિજ દોષ તો તરીએ કોણ ઉપાય, અધમા અધમ અધિકોપતિત સકળ જગતમાં હું, એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શું ?' એ બધા વ્યવહાર બદલાય છે. ચાહે દોષનું જ્ઞાન કરે, ચાહે ગુણનું જ્ઞાન કરે, ચાહે દેવ-ગુરુ-શાસ્ત્રની

મહિમા-ભક્તિ આવે, ક્યાંય નિશ્ચય બદલાતો નથી. વ્યવહારના અનેકવિધ પ્રકાર છે પણ ક્યાંય નિશ્ચય-પ્રયોજન બદલાતું નથી.

દોષને નિંદે છે ત્યારે પણ ગુણપ્રાપ્તિનું પ્રયોજન છે અને ગુણને અભિનંદે છે ત્યારે પણ ગુણ પ્રાપ્તિનું જ પ્રયોજન છે. એમાં પ્રયોજન ક્યાં બદલાય છે ? પ્રયોજન ઉપર જેને ખ્યાલ નથી એને એમ થાય છે કે આ વળી દોષની વાત ક્યાં આવી ? એ તો નાસ્તિ છે. ગુણની વાત તો અસ્તિ છે. આપણે અસ્તિથી ઊપડોને. ભાઈ ! વ્યવહારમાં તો બંને પ્રકાર આવે. માલ ખરીદ્યા વિના વહેંચવાનો સવાલ રહેતો નથી. માત્ર ખરીદતા નફો થતો નથી, વેચતા નફો થાય છે. પણ વેચે ક્યારે ? કે ખરીદે ત્યારે. ઠીક છે ને ? વ્યવહારમાં તો અસ્તિ-નાસ્તિના બંને પડખા ઊભા થાય. પણ ભલેને થાય. પ્રયોજન તો એક જ છે. બીજું કોઈ પ્રયોજન નથી એની અંદર.

નિશ્ચય પ્રાપ્તિનું જે પ્રયોજન છે એ ક્યાંય બદલાતું નથી. કોઈ જગ્યાએ બદલાતું નથી. ભલેને વ્યવહારના ગમે તે વિકલ્પ ઊઠે. વ્યવહાર રત્નત્રયને હિસાબે જ્ઞાનનો, દર્શનનો, ચારિત્રનો, પુરુષાર્થનો અનેકવિધ પ્રકારે (વિકલ્પ ઉઠે). એ દોષની નિંદા છે એ ચારિત્રની મુખ્યતાથી વિકલ્પ છે. નવ તત્ત્વનો જે વિકલ્પ છે એ શ્રદ્ધાનની મુખ્યતાથી છે. અને અનેક પ્રકારની નય વિવિક્ષાથી વસ્તુના સ્વરૂપનો વિચાર કરવો એ જ્ઞાનનો વિકલ્પ છે. તોપણ બધે એક જ પ્રયોજન છે. ક્યાંય પ્રયોજન બદલાતું નથી. કે 'યેન કેન પ્રકારેણ' કોઈપણ રીતે અંતર્મુખ થવું છે એવો જે ધ્યેય છે, એવું જે લક્ષ્ય છે, એ લક્ષને અર્થે, પ્રયોજનને અર્થે સર્વ પ્રવૃત્તિ છે.

'શ્રીમદ્જી' તો ત્યાં સુધી લખે છે કે, ખાવું છે તો આત્માર્થે, રળવું છે તો આત્માર્થે, સૂવું છે તો આત્માર્થે, બેસવું છે તો આત્માર્થે, ચાલવું છે તો આત્માર્થે, બોલવું છે તો આત્માર્થે. એનો અર્થ શું થાય છે ? એવા બોલ આવે છે.

મુમુક્ષુ :- એવા બોલ આવે છે પણ રડવું આત્માર્થે કેમ હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- રડવું છે તોપણ આત્માર્થે.

મુમુક્ષુ :- પછી તને મોક્ષ ન મળે ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એમ કહે છે (કે), એ જે કહે છે એને તું સંપૂર્ણપણે સંમત કરજે. એના શરણે જા એનો અર્થ શું ? Surrender થવાની વાત છે ને ? એ જે કહે છે એ તું સંમત કરજે. એમ કહે છે. એ જે કાંઈ કહે છે એ તું સંમત કરજે. વિકલ્પ કરીશ નહિ કે આમ કેમ કહ્યું ? એમ કહે છે.

મુમુક્ષુ :- આમાં તો પરીક્ષાબુદ્ધિ ક્યાં રહી ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં પરીક્ષાબુદ્ધિ એવી રીતે છે કે જ્યારે મને નથી સમજાતું... બધું સંમત કરજે એમ કહ્યું એટલે સંમત થઈ જાય એવું થોડું છે ? કોઈ એવો બોલ આવે કે અરે..! આમ કેમ કહ્યું ? આ તત્ત્વના વિચાર સાથે આને કેમ મેળ બેસતો નથી ? તોપણ એમણે જે કહ્યું છે તે સત્ય છે અને મને નથી સમજાતું તેમાં કાંઈક મારી ભૂલ છે, એમ પોતાની ભૂલના અંતરશોધનમાં જાય. એમ વાત લ્યે છે. માની લેજે એટલે કે અંદર ન બેસે તો માન્યું એમ રાખી લેજે, એમ નહિ. અંદરમાં એને મંથનથી, એના સંશોધનથી એને ઓળખીને બેસાડજે. એવું અનેકવાર બને કે સત્પુરુષનું વચન હોય અને છતાં એમ લાગે કે આમ કેમ ? આ વાત આમ કેમ આવી આજે ?

એકવાર 'ગુરુદેવશ્રી'એ રાત્રી ચર્ચામાં પૂછયું કે સોનાનો ભાવ શું ? ઠીક ! શું પૂછ્યું ? સોનાનો ભાવ શું છે ? બધા વિચારમાં પડી ગયા. આ 'ગુરુદેવ'ને કાંઈ દાગીના થોડા ઘડાવવા હશે ? છે શું આ ? સોનાનો કેમ ભાવ પૂછે છે ? વળી વીતરાગની મૂર્તિને તો દાગીના પણ નથી. વળી ભગવાન માટે વિચાર નથી. પોતાના માટેનો તો પ્રશ્ન નથી. એટલે ચમક્યા. પણ ત્યાં એને અત્યંત જિજ્ઞાસા લાવવી જોઈએ. કાંઈક આની અંદર રહસ્ય છે. પછી તો પોતે વાત ખોલી કે સોનાના ભાવનું કોઈ અમારે કામ નથી પણ જીવોના ભાવ સોના પ્રત્યે શું છે એની વાત લેવી છે. ભાવ સોનાનો નથી, ભાવ તો જીવનો છે. સોનું તો જે સોનું એક તોલો છે અને કાલે એક તોલો છે.

સો વર્ષ પછી પણ એક તોલો છે. પણ વીસ રૂપિયે તોલો હતું અને બે હજાર રૂપિયે તોલો થયું તો એમાં જીવના ભાવમાં ફેર પડ્યો છે. સોનાના ભાવમાં ફેર નથી પડ્યો. વાત એવી કાંઈક લેવી હતી.

કાંઈક પરમાર્થ કહેવા ધારે છે એનો લાભ તને થશે. નહિતર નહિ. એવું 'શ્રીમદ્જી'નું એક વાક્ય હતું. 'મુંબઈ' 'માટુંગા'માં ઘર્ઘાર્થે રહેતા હતા. એક ભાઈ કોઈક નજીકમાં સૂતા હતા રાત્રે. એમાં કોઈ વિચાર અને ચિંતવના ચાલતી હશે એટલે પૂછ્યું. કેમ ફલાણા ભાઈ જાગો છો ? કે હા, જાગુ છું. તરસ લાગી છે કહે ? શું પૂછ્યું ? ઓલો વિચારમાં પડી ગયો કે સાંજે હજી ચોવિહાર વાળ્યો છે. આ રાત્રે પાણી પીવાની વાત ક્યાંથી આવી ? શંકા પડી ગઈ.

મુમુક્ષુ :- 'મણિભાઈ' ...

પૂજ્ય ભાઈશ્રી :- 'મણિભાઈ'ની જ વાત છે. એમના મામાની જ વાત છે. 'બોટાદ'ના 'મણિભાઈ ગાંધી'. 'મણિભાઈ'! તરસ લાગી છે ? એમ પૂછ્યું. પણ સમજ્યા નહિ. સાહેબ ! આપણે તો ચોવિહાર વાળ્યો છે. રાત્રે પાણી કેમ પિવાય ? સાથે જમ્યા હશે. ચોવિહાર કરી લીધો હશે. ઠીક-ઠીક કહે. પત્યું. ગોપવી દીધી વાત.

મુમુક્ષુ :- ભાવિ પ્રબળ.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવિ પ્રબળ, ભાવિ પ્રબળ. એટલા શબ્દ બોલ્યા. એટલે શું કે એને જે જિજ્ઞાસા આવવી જોઈએ (એ નથી). એની સમજવાની ભૂમિકા તપાસી લીધી. કે અત્યારે આ જીવ કાંઈ સમજવાની તૈયારીમાં ઊભો છે ? તો અંતર એનું ખૂલી જાત. પણ જોયું કે આ કહીશ તોપણ એને કાંઈ નહિ સમજાય. વાત છોડી દીધી. એવું ઘણીવાર બને છે. એટલે પરીક્ષા કરવાનો અર્થ એ છે કે પરીક્ષા કર ત્યારે ગુણની પરીક્ષા કરજે. અને ગુણની પરીક્ષા કરીને તું સંમત કરજે. એ ગુણનો મહિમા આવશે પછી આખી વાત ફરી જશે. પછી તને સમજાય જશે કે એ શું કહેવા ધારે છે. એમ છે.

એ રડવું છે આત્માર્થે એનો અર્થ એ છે કે પોતાને પોતાનો જે વિયોગ છે, આત્માર્થીને નિજ પરમાત્મપદનો વિયોગ છે એનું એને દુઃખ, એટલું દુઃખ થાય છે કે એ રડે છે એટલું એને દુઃખ થાય છે. એનું અંતર રડે છે તો આત્માર્થે રડે છે. એ પણ એક આત્માર્થીની ભૂમિકામાં એ પણ એક સ્થિતિ આવે છે. 'ગુરુદેવશ્રી'ના જીવન ચરિત્રમાં એ વાત છે. જીવન ચરિત્ર છાપ્યું ને આપણે ? એમાં એ વાત એક જગ્યાએ છે.

મુમુક્ષુ :- વચનમૃતમાં.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. વચનામૃતમાં નાખ્યું છે પણ વચનામૃત પ્રવચનમાં નાખ્યું છે. હમણા જૂદું છાપ્યું. એમાં એ વાત છે. એ પરિસ્થિતિ આવે છે. દરેકની એ પરિસ્થિતિ આવે છે. એટલે એ વાત નાખી છે. ઘણા બોલ નાખ્યા છે પણ એ વાત પણ એમાં નાખી છે. એટલે એ બધા વ્યવહારના પરિણામ છે એ અનેકવિધ પ્રકારે થાય છે. અનેકવિધ પ્રકારે પરિણામ થવા છતાં પ્રયોજન સંળગ બધામાં એક જ રહે છે. સળંગ પ્રયોજન ક્યાંય બદલાતું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- શું લખ્યું છે ?

મુમુક્ષુ :- વર્ત્યો જાજે.. જે હમણા વાત આવી ને કે .. વધતો જાય છે ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે એમાં સ્વચ્છંદ મટવાનો સૌથી મોટો પ્રકાર છે. જીવ શાસ્ત્ર અધ્યયન કરે, અનેક પ્રકારે આ વિષયને સમજે ત્યારે એ પ્રકારમાં ન આવ્યો હોય તો સ્વચ્છંદના પ્રકારમાં સહેજે સહેજે આવી જાય છે. એને એમ લાગે છે કે હું પણ સમજું છું. હું પણ સમજું છું એવો જે પ્રકાર આવે છે એ એને સ્વચ્છંદ થયો છે એવી એને ખબર હોતી નથી.

જ્યારે સત્પુરુષના સાન્નિધ્યમાં તેમના પ્રત્યેનો જે અર્પણતાવાળો ભાવ છે, કેવી અર્પણતાવાળો ? કે જાણે પોતે એક તાબેદાર થઈ ગયો હોય, Surrender થઈ ગયો હોય, શરણમાં ગયો હોય એને એ સ્વચ્છંદ નથી થતો. માર્ગ સૂક્ષ્મ તો છે. એક કોરથી એમ કહે કે તું સત્પુરુષમાં શરણમાં રહેજે, જજે. બીજી કોરથી એમ કહે કે જે જીવદ્રવ્ય શુદ્ધ સ્વરૂપે પરિણમે છે એ પોતાના સામર્થ્યથી

પરિણમે છે અને નિમિત્ત એમાં અકિંચિત્કર છે. કાંઈ કરતું નથી. આમ છે. પણ એ જાણે છે, જે સત્પુરુષના શરણમાં જાય છે એ પણ એમ જાણે છે કે કાર્ય તો મારે કરવાનું છે. આ રસ્તો બતાવનાર છે અને એ રસ્તો જોવા માટે એમનું બહુમાન આવવું આવશ્યક છે. નહિતર બતાવનાર મળે પણ દેખાય નહિ, દેખાડનાર મળે અને દેખાય નહિ. દેખાય ત્યારે કે જ્યારે એ દેખાડનાર પ્રત્યે બહુમાન ઊભું થાય ત્યારે. આમ છે. એ પરિસ્થિતિની અનિવાર્યતા જોઈને ત્યાં એટલું માર્ગદર્શન આપ્યું છે. બસ, એટલી વાત છે.

બહારમાં કાંઈપણ કામ કરવું હોય તો દીનતા કરે છે કે નહિ ? Office માં જાય તો ઉપરનો Officer હોય, શેઠિયા હોય, ગ્રાહક હોય, એને લાભ કરાવનારો હોય તો એને સારું લગાડવાના બધા પ્રયત્ન કરે છે કે નહિ ? વેવાઈ હોય અને મોટો શ્રીમંત હોય (એને) સારું લગાડવાનો પ્રયત્ન કરે છે કે નહિ ? સંબંધો આપણા સારા રહેવા જોઈએ. અનેક પ્રકારે જ્યાં એને થોડોક પણ લાભ દેખાય છે ત્યાં એને અનુકૂળ થવા એ વર્તે છે. તો પછી અહીં તો સામાને કાંઈ જોઈતું નથી. જ્ઞાનીને અપેક્ષા નથી.

આ જગતમાંથી જેને કાંઈ જોઈતું નથી એનું નામ જ્ઞાની છે. અને કાંઈપણ કોઈના પ્રત્યેથી નહિ લેવાની ગુપ્ત વૃત્તિની આચરણા છે. એમની ગુપ્ત વૃત્તિ છે. એને અનુકૂળ એ એના માટે નથી થતો જીવ. એની મહિમા લાવીને એને અનુકૂળ થાય છે એ પોતાના માટે થાય છે. એના માટે નહિ. એને જોઈતું નથી. પણ એની આટલી તૈયારી એને થવી જોઈએ. અનંત ભવભ્રમણના ટળવાનું આ એક જબરજસ્ત બાહ્ય કારણ છે. અંતરંગ કારણ તો પોતાનો પુરુષાર્થ છે પણ આ બાહ્ય કારણ છે કે જે અનાદિથી એના પ્રત્યેના બહુમાનના અભાવને લઈને એ વિષયની સમજણ આવી નથી. આમ તો સમવસરણમાં જઈને મણિરત્નના દીવાથી આરતી ઉતારી છે. હિરાનો થાળ અને મણિરત્નનો દીવો. પણ જે મહિમા એને જે પ્રકારે યથાર્થપણે આવવો જોઈએ તે મહિમા એને આવ્યો નથી.

મુમુક્ષુ :- તેનું કહ્યું ન માન્યું ત્યાં.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં એણે માન્યું નહિ.

મુમુક્ષુ :- મહિમા આવે તો માને.

પૂજ્ય ભાઈશ્રી :- ગુણની પ્રધાનતામાં આવવું જોઈએ. એ મુખ્ય વાત છે. પુણ્યની પ્રધાનતામાં નહિ. ત્યાં બધો પુણ્યયોગ છે. સમવસરણનો ઠાઠ છે, ચારે કોર ઝાકઝમાળ છે. સમવસરણમાં તો દાખલ થાવ ત્યાંથી એ પરિસ્થિતિ છે કે બધા જ પદાર્થો જગમગાહટ કરતા હોય છે. એની દીવાલ, કાંગરાથી માંડીને રજકણે રજકણ પ્રકાશ... પ્રકાશ... પ્રકાશ... દિવસ-રાતનું કોઈ અંતર દેખાય નહિ. એટલો પ્રકાશ. ભગવાનનો એટલો પ્રકાશ છે. શરીરમાંથી (નીકળે છે). હવે ત્યાં એને બધું ઓહો.. ઓહો.. ઓહો... લાગે છે પણ એ બધું પુણ્યના ઠાઠ જોઈને ઓહો.. લાગે છે. અંદરમાં ગુણની પ્રધાનતા, વીતરાગતાની જે પ્રધાનતા આવવી જોઈએ તો આખી પરિસ્થિતિ બદલાઈ જાય છે. જો ત્યાં વીતરાગતાનો મહિમા આવે તો સહેજે વીતરાગતા ઉત્પન્ન થાય એવો અવસર છે. ઉત્કૃષ્ટ યોગ છે. પણ ત્યાં પણ એણે વીતરાગતા છોડીને અન્ય તત્ત્વનો મહિમા કર્યો છે. ત્યાં સુધી એને આત્મતત્ત્વનો મહિમા છોડીને, પુણ્યતત્ત્વ છે તે અન્ય તત્ત્વ છે. અન્ય તત્ત્વનો મહિમા કર્યો છે એટલે એને વીતરાગતા ઉત્પન્ન થઈ શકી નથી.

મુમુક્ષુ :- સત્પુરુષ સિંહનાદ કરે છે કે સ્વયં થશે.

પૂજ્ય ભાઈશ્રી :- એ સ્વયં થશે એમ કહે છે. એ એમ નથી કહેતા કે તું કાંઈક હજી ભક્તિ વધાર, કાંઈ ભક્તિ વધાર એમ નથી કહેતા. એને કોઈ અપેક્ષા નથી. બીજાની વાત આવે તો એમ કહે, એની ભક્તિ કર તું એની ભક્તિ કર. પોતાને વિષે કોઈ દિ' નહિ કહે. કોઈ મસ્તી આવે ને વાત કરે એ બીજી વાત છે.

મુમુક્ષુ :- શરૂઆતમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, છે ને આમાં. એટલે એક આત્મપ્રાપ્તિનું જેને પ્રયોજન છે એને સર્વ પ્રવૃત્તિમાં આત્માર્થ કેમ થાય એ લક્ષ જતું નથી. એટલે એ સર્વ પ્રવૃત્તિમાં એ જ શોધે છે. રળવું છે તો રળવા માટે રળવું

નથી, પરિગ્રહ માટે રળવું નથી પણ આ કેમ છોડી દઉં. એને છોડવા માટે પ્રવૃત્તિ કરે છે. દુકાન ચલાવવા માટે દુકાન ચલાવવી નથી, દુકાન બંધ કરવા માટે ચલાવવી પડે છે. ચલાવવી નથી પણ ચલાવવી પડે છે. એમ વાત છે. એવી રીતે.

એમાં જ છે. '**બીજું કાંઈ શોધમાં. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈને વર્ત્યો જા.**' સર્વ ભાવ અર્પણ કરજે, એમ કહે છે. ભાવનું પડખું લીધું છે. એમ નથી કીધું કે દાન દઈ દેજે, જા. એમ નહિ. સર્વ ભાવ અર્પણ કરી દઈને વર્ત્યો જા. '**પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.**' છેને શૈલી ! પછી મોક્ષ ન મળે તો મારી પાસેથી લઈ લેજે.

'**સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે. શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી...**' શાસ્ત્રમાં નથી એમ આગમ સાથે મેળવવા જઈશ નહિ. '**શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી.**' પરીક્ષા આગમથી નથી કરવી. પરીક્ષા ગુણ-દોષના પડખાથી કરવી છે. '**છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે અને અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે.**' એને સ્પૃહા નથી. તું મારા શરણમાં આવ એવી એને સ્પૃહા નથી. છતાં એ સ્થિતિ આવ્યા વિના પ્રાપ્તિ થતી નથી એમ જાણીને કહે છે. શરૂઆતમાં જ છે ક્યાંક. ઓલું બધું છે. '**રાત્રિ દિવસ એક પરમાર્થનું જ મનન રહે છે. આહાર પણ એ, નિંદ્રા પણ એ, શયન પણ એ, સ્વપ્ન પણ એ, ભય પણ એ, ભોગ પણ એ, પરિગ્રહ પણ એ.**' એ લીધું છે. આત્માર્થે આત્માર્થે એમ આવે છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- આ બાજુ છે ને? આ પણ આ બાજુ જ છે પણ હવે ૨૮ વર્ષમાં તો નથી મળતું.

'**રાગની મંદતા હતી કે ઘણાં વ્રત-તપ આદિ કર્યા તેથી આત્મજ્ઞાન થયું તેમ નથી.**' રાગની મંદતા થઈ હતી એ ઘણીવાર થઈ ચુકી છે. અનંત વાર થઈ છે, પણ તેથી કાંઈ આત્મજ્ઞાન થાય એ પ્રશ્ન નથી. વળી બહારમાં ત્યાગપૂર્વક '**ઘણાં વ્રત-તપ આદિ કર્યા તેથી આત્મજ્ઞાન થયું તેમ નથી.**' ખરેખર એ કારણ નથી. એવું થઈ શકે છે. અભવિને પણ એવું થાય છે. '**પોતાના સ્વરૂપનું જ્ઞાન ન હતું ત્યારે અજ્ઞાનપણે વિકારના ભાવને વેદવા-અનુભવવા સમર્થ હતો એવો જીવદ્રવ્ય પોતે પોતાની મેળે પોતાના શુદ્ધદ્રવ્યને અનુભવવા સમર્થ છે. પણ અજ્ઞાનીને નિજદ્રવ્યની...**' નિજ દ્રવ્યના સામર્થ્યની '**કિંમત નથી.**' એમ લીધું છે.

શું કહે છે ? કે રાગની મંદતા અને બહારના વ્રત, શીલ, સંયમ એ આત્મજ્ઞાનમાં ખરેખર કારણ નથી. આત્મજ્ઞાનનું કારણ, આત્મપ્રાપ્તિની જિજ્ઞાસાથી આત્માને ઓળખવો અને ઓળખાય પછી એનો મહિમા થવો અને મહિમા થયા પછી કોઈ અપૂર્વ સ્થિતિએ પહોંચતા અનુભવ થવો, એને આત્મજ્ઞાનનું કારણ કહેવામાં આવ્યું છે. એ સિવાય કોઈ બાહ્ય પ્રવૃત્તિથી આત્મજ્ઞાન થાય, રાગની મંદતાની બાહ્ય પ્રવૃત્તિથી પણ આત્મજ્ઞાન થાય એ ખરેખર વસ્તુની સ્થિતિ નથી.

'ગુરુદેવશ્રી' એવું દૃષ્ટાંત આપતા કે અંધારામાં એક સોય ખોવાણી હોય અને ન જડે તો કોઈ એમ કહે કે અજવાળે ગોતો આપણે. અંધારામાં તો જડતી નથી. હવે જ્યાં અંજવાળું હોય ને ત્યાં શોધ ચલાવો. પણ ખોવાણી છે ત્યાં શોધ ચલાવવી ? કે નથી ખોવાણી ત્યાં શોધ ચલાવવી છે ? ખોવાણી છે ત્યાં શોધ ચલાવવાની વાત છે. એમ જે વિધિથી, જે રીતથી અનાદિથી દેવ-ગુરુ-શાસ્ત્રએ વિધિનું વિધાન બતાવ્યું છે તે છોડીને બીજા કોઈપણ પ્રકારે કાર્ય માંડે તો એને આત્મજ્ઞાન થાય અને ભવભ્રમણનો અભાવ થાય એવું કદિ બનતું નથી. એમ કહેવા માગે છે.

'**પોતાના સ્વરૂપનું જ્ઞાન ન હતું ત્યારે અજ્ઞાનપણે વિકારના ભાવને વેદવા-અનુભવવા સમર્થ હતો...**' શું પદ્ધતિ છે અહીંયાં ? કે આત્માનો અનુભવ કરવો છે ને ? તો અનુભવ કરતા તને નથી આવડતું એ પ્રશ્ન નથી. જ્યારે આત્મજ્ઞાન નહોતું, એમ કહેવું છે, પોતાના

સ્વરૂપનું જ્ઞાન નહોતું ત્યારે જીવ અજ્ઞાનપણે વિકાર કે જે પરભાવસ્વરૂપ છે તેને પોતાપણે એ વેદતો હતો, અનુભવતો હતો. એમ અનુભવવાનું જે સામર્થ્ય છે એ તો છે, છે ને છે. અનુભવ નથી અને અનુભવવાનું સામર્થ્ય નથી એવું તો કાંઈ નથી.

અજ્ઞાનભાવે જેમ એ પરને સ્વપણે વેદે છે અને અનુભવે છે એ આત્માને ઓળખીને આત્માને સ્વપણે વેદે અને અનુભવે, જ્ઞાનને ઓળખીને જ્ઞાનને સ્વપણે વેદે અને અનુભવે. બસ ! આમ ફેર પાડવાનો છે. પણ એ એનું સામર્થ્ય છે. અજ્ઞાનમાં કે જ્ઞાનમાં, અજ્ઞાની હોય ત્યારે કે જ્ઞાની થાય ત્યારે અનુભવવાનું સામર્થ્ય તો છે, છે ને છે જ. બસ ! એક અજ્ઞાન છે ત્યારે પરને સ્વપણે અનુભવે અને વેદે છે. જ્ઞાની થતાં એ પોતાને પોતાપણે-સ્વપણે અનુભવે છે અને વેદે છે. આ ફેર પડે છે. બાકી અનુભવે છે અને વેદે છે એમાં તો ચાલુ જ છે એ વિષય. એમાં કાંઈ નવું કરવાનું રહેતું નથી. નહોતું અને કરવું છે એ પ્રશ્ન નથી.

કર્તાપણું પણ અહીંથી ખલાસ થાય છે કે એ સામર્થ્ય, એ પુરુષાર્થ કરવોને ? કે એવો પુરુષાર્થનો તારો પર્યાય ચાલુ છે. ફક્ત દિશાંતર છે એટલે દશાંતર છે. ઊંધી દિશામાં એ પુરુષાર્થ લાગેલો છે એટલે કાર્ય ઊંધું ચાલે છે. દિશા બદલાય, સ્વ-પરનું જ્ઞાન થતાં સહજપણે દિશા બદલાય જાય કે અહીંયાં સ્વ છે. પર છે ત્યાં સ્વ નથી. પરમાં સ્વપણાનો અનુભવ ભ્રાંતિગતપણે થાય છે પણ ક્યાંય પરમાં સ્વપણું નથી. એમ સ્વ-પરના ઓળખાણમાં દિશા આપોઆપ જ્ઞાનને કારણે બદલે છે. બદલવી પડે છે એવું તો કરવું પડ્યુંને ? એમ નથી. જ્ઞાન થતાં દિશા બદલાય જાય છે. ત્યારે જીવ સ્વને સ્વપણે વેદે છે અને પરને પરપણે વેદે છે. એની ભ્રાંતિ ટળી જાય છે.

એટલે બહુ ટૂંકામાં એમ કહેવાનું કારણ એ છે કે જ્ઞાન તે હું, એમ લેવું. બહુ ટૂંકામાં જ્યારે વાત આવે છે. હું જ્ઞાનમાત્ર, એમ લીધું છે ને ? જ્ઞાનમાત્ર વસ્તુ છું. આમ લીધું છે. એ જે જ્ઞાનમાં સ્વપણું આવવું, આવવું એટલે અનુભવાવું, વેદાવું એ સમ્યક્ છે. અને પરમાં હુંપણું વેદાવું તે અસમ્યક્ અથવા મિથ્યા છે. બસ ! આટલું જ છે. ટૂંકું લઈએ તો આટલું જ છે. ભૂલ પણ આટલી જ છે અને ભૂલનું ભાંગવું પણ આટલું જ છે.

મુમુક્ષુ :- રાગમાં તન્મય થઈને હુંપણું નીરસ થવું. હવે ?

પૂજ્ય ભાઈશ્રી :- રાગમાં તન્મય છે. હવે જ્ઞાનમાં તન્મય થાય. બે ઉપસ્થિત છે. પાછું એવું નથી કે એકને ગોતવા જાવું પડે છે. રાગ અને જ્ઞાન જીવને બંને ભાવ સર્વ કાળે વિદ્યમાન છે. એક સ્વભાવ છે અને એક વિભાવ છે. વિભાવમાં હુંપણું થઈ રહ્યું છે એ મિથ્યાત્વના રોગનું નિદાન છે. હવે હુંપણું તો થઈ જ રહ્યું છે. એ એને નથી કરતા આવડતું એ પ્રશ્ન નથી. પરમાં હુંપણું કરતા આવડે છે વળી. તો સ્વમાં હુંપણું કરવામાં તને શું તકલીફ છે ? આટલો સવાલ છે. હુંપણું તને પરમાં જ્યાં તારું હુંપણું છે નહિ ત્યાં તને હુંપણું કરતા આવડે છે, તો જ્યાં તું છે ત્યાં તને હુંપણું કરવામાં શું તકલીફ છે ? બસ ! આટલું અંદરમાં ઉતરીને જો તો અંદરમાં તારા સ્વરૂપપ્રાપ્તિની ભાવના તને માર્ગ સૂઝાડી દેશે. સ્વરૂપપ્રાપ્તિની ભાવના વિના જોવા જઈશ તો તો તને માર્ગ સૂઝશે નહિ. ભાવના આવવી જોઈએ. એટલે તો એણે બધા લક્ષણ બાંધ્યા કે કોને ભાવના આવી છે ? કે જેને વર્તમાનમાં ચાલતા વિકલ્પ-રાગમાં દુઃખ લાગે છે એને. દુઃખમાં દુઃખ ન લાગે એ દુઃખથી છૂટવા માટે એની ભાવના ખરેખર છે નહિ. આ બધા એના લક્ષણ બાંધ્યા છે.

છે? 'વચનામૃત પ્રવચન' છે કે નહિ? એમાં છે. બહુ મંથન, બહુ મંથન કર્યું છે ત્યારે એ વિષય છે. નાની વયમાં કોઈ વખત નાટક જોવા જતાં એ બધું લીધું છે. 'ગુરુદેવશ્રી'એ દીક્ષા લઈને તુરત જ શ્વેતાંબર આગમોનો સખત અભ્યાસ કરવા માંડ્યો. ચારેક વર્ષમાં ૪૫ આગમ, લાખો શ્લોકોની ટીકા સહિત વિચારપૂર્વક તેઓ વાંચી ગયા. સ્થાનકવાસીમાં દીક્ષા લીધી હતી. એમાં ૩૩ આગમ છે. પણ ૪૫માંથી ૩૩ છૂટા પાડેલા છે. સ્થાનકવાસીના કોઈ મહારાજે કે કોઈ સાધુએ એની રચના નથી કરી. રચના શ્વેતાંબર સાધુએ કરી છે દેરાવાસીઓ.

મૂર્તિપૂજક. એમાંથી એમણે મૂર્તિની સ્થાપનાનું પ્રકરણ ન હોય એવા ૩૩ છાંટી લીધા. પણ પોતે તો ૪૫ ૪૫ નું અધ્યયન કરી લીધું. કેટલા ? ચારેક વર્ષમાં ૪૫ આગમ, લાખો શ્લોકોની ટીકા સહિત અધ્યયન કરી ગયા.

દીક્ષાપર્યાય દરમ્યાન તેમણે શ્વેતાંબર શાસ્ત્રનો ખૂબ મનનપૂર્વક અભ્યાસ કર્યો. લાખ શ્લોક પ્રમાણ ટીકા ભગવતી સૂત્ર તેઓશ્રીએ સત્તર વાર વાંચ્યું હતું. ભગવતી સૂત્ર છે એક લાખ શ્લોક પ્રમાણ એની ટીકા છે. એ સત્તર વાર વાંચી ગયા હતા દીક્ષાના કાળમાં. દરેક કાર્ય કરતાં.. જુઓ ! આ વાત છે 'દરેક કાર્ય કરતા તેમનું લક્ષ્ય સત્યની શોધ પ્રતિ જ રહેતું.' લક્ષ છે આમાં સત્ય શું છે ? એ શોધવાનું લક્ષ હતું. દરેક કાર્ય કરવા છતાં જે લક્ષ્ય હતું એ સત્યની શોધમાં હતું. 'છતાં જેની શોધમાં તેઓ હતા તે તેમને હજુ મળ્યું નહોતું. અથકપણે ઉલ્લસિત વીર્યથી શોધવૃત્તિ ચાલુ જ હતી.' ત્યાં 'સમયસાર' મળી ગયું, એમ લેવું છે.

એક જગ્યાએ છે. તીવ્ર દુઃખ ધારણ કરતું. છે લ્યો અહીંયાં. 'નિશાળના લૌકિક જ્ઞાનથી તેમના ચિત્તને સંતોષ થતો નહિ, ઊંડે ઊંડે રહ્યા કરતું કે જેની શોધમાં હું છું તે આ નથી.' સત્યની શોધમાં હતા ને ? 'કોઈવાર આ દુઃખ તીવ્રતા ધારણ કરતું.' જુઓ ! દુઃખ લાગવું જોઈએ. 'કોઈવાર આ દુઃખ તીવ્રતા ધારણ કરતું અને એકવાર તો માતાથી વિખૂટા પડેલા બાળકની જેમ તે બાળ મહાત્મા સત્‌ના વિયોગે ખૂબ રડ્યા હતા.' ઠીક ! નાનું બાળક એનો આધાર એની મા છે. એનાથી છૂટું પડીને ખોવાય જાય. કેમેય કરીને છાનું રહે નહિ. પેંડો આપે, રમકડાં આપે, કાંઈક આપે. એને લક્ષમાં એની મા છે એ જોઈએ એને. કોઈ રીતે એને બીજું દેખાય નહિ. એમ એને જે જોઈએ છે એ ન મળે તો એનું એને દુઃખ ભાસવું જોઈએ. ચાલે છે, કાંઈ વાંધો નથી. ખાઈએ છીએ, પીએ છીએ. ઉટકેલી થાળીમાં રોજ વાંધો આવતો નથી. એ રીતે એને જ્યાં ઊભો છે ત્યાં ગમે છે અને રુચે છે ત્યાંથી ખસવાનો કોઈ એને પ્રયત્ન થાય એ પ્રશ્ન રહેતો નથી. એ લીધું છે. 'સત્‌ના વિયોગે ખૂબ રડ્યા હતા.' એમ વાત લીધી છે. આ તો નાનપણમાં આ પરિસ્થિતિ હતી. ક્યારથી તૈયારી થઈ ? અગિયાર વર્ષ પછી સ્કૂલ છોડી દીધી ત્યારથી આ તૈયારી થઈ. નાની ઉંમરમાં..

મુમુક્ષુ :- જુદું છપાઈ ગયું ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જુદું હિન્દીમાં છાપ્યું છે. આનું હિન્દી કર્યું. આનું જ હિન્દી કરીને 'આત્મધર્મ'ના હિન્દી ગ્રાહકોને ભેટ પુસ્તક તરીકે મોકલવાના છે. અહીં સુધી રાખીએ.

## 'રાજહૃદય' ભાગ - ૧૩ તથા ૧૪નું પ્રકાશન
## આગામી પ્રકાશન 'અનુભવ પ્રકાશના કિરણો' ભાગ-૨

**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રકાશિત કરવામાં આવી રહેલા શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ ઉપરના ધારાવાહી પ્રવચનો 'રાજહૃદય' ભાગ-૧૩ તથા ૧૪નું પ્રકાશન થઈ ગયું છે. જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને મંગાવવા હોય તેઓએ ટ્રસ્ટના કાર્યાલયમાં સંપર્ક કરવો.**

**ટૂંક સમયમાં અનુભવ પ્રકાશ ઉપરના ધારાવાહી પ્રવચનો - 'અનુભવપ્રકાશના કિરણો' ભાગ-૨નું તથા 'અનુભવ પ્રકાશકી કિરણેં' ભાગ-૧ (હિન્દી)નું પ્રકાશન કરવામાં આવશે.**

**'પરમાગમસાર' ઉપરના ધારાવાહી પ્રવચનો ભાગ-૧ તથા ૨ કમ્પ્યૂટરમાં ફીડ થઈ ગયેલ છે. આ પ્રવચનો પૂજ્ય ભાઈશ્રીની આગામી જન્મજયંતી પ્રસંગે પ્રકાશિત કરવાની ભાવના છે.**

# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી કેટલાક વચનામૃતો

ૐ

## મંત્ર કણિકા / સૂત્ર કણિકા - 'અનુભવ પ્રકાશ'

(૩૪) ''(દેવની) સ્વસંવેદનરૂપ વીતરાગમુદ્રાને દેખી સ્વસંવેદનભાવરૂપ પોતાનું સ્વરૂપ વિચારે. (ભાવે.)''

- આ જિનેન્દ્રદેવના દર્શનકાળે અંતરંગ સ્વરૂપ અવલોકન કરવા સંબંધિત વિધાન છે. કઈ વિધિથી જિનેન્દ્ર દર્શન કરવા યોગ્ય છે તેનું સુંદર અધ્યાત્મિક દિગ્દર્શન અહીં મળે છે.

વીતરાગ જિનદેવની મુદ્રામાં અંતર્મુખી સ્વસંવેદન ભાવના દર્શન કરતાં, નિજ સ્વસંવેદનરૂપ પોતાના સ્વરૂપની ભાવના ઊપજે છે. તેથી જ લોકમાં જિનેન્દ્રદેવની અકૃત્રિમ શાશ્વત અને કૃત્રિમ સ્થાપના પરંપરાએ અનાદિથી છે. તેમાં ઉપર્યુક્ત પારમાર્થિક રહસ્ય રહેલું છે.

(૩૫) ''આ સ્થાપનાના નિમિત્તથી ત્રણકાલ ત્રણલોકમાં ભવ્ય જીવો ધર્મ સાધે છે. તેથી સ્થાપના પરમ પૂજ્ય છે.''

''દ્રવ્યજિન પણ ભાવિનયથી પૂજ્ય છે.''

(૩૬) ''અનંત ગુણાત્મક વસ્તુ તોપણ જ્ઞાનમાત્ર જ છે.''

આત્મા-વસ્તુમાં અનંત ગુણો હોવા છતાં આત્મા 'જ્ઞાનમાત્ર' જ છે, તેમ કહેવામાં ગૂઢ રહસ્ય રહેલું છે. 'સમયસાર' આદિ અનેક ગ્રંથોમાં આત્માને 'જ્ઞાનમાત્ર' કહ્યો છે. કારણ :

''इत्यादि अनंतशक्ति सुनिर्भरोपि,
'ज्ञानमात्र' नयतां न जगति भावम्।''(ઉક્ત પ્રકારે) સ.ક.૨૬૪

૧. જ્ઞાનલક્ષણથી લક્ષ્યની પ્રસિદ્ધિ થાય છે, અને સ્વરૂપ નિશ્ચય થતાં આત્મસન્મુખતા થાય છે. તેમ જ જ્ઞાનદ્વારા અસ્તિત્વગ્રહણ થાય છે, પરથી અને રાગથી ભિન્નપણું થાય છે.

૨. જ્ઞાનદ્વારા સ્વસંવેદનરૂપ સ્વાનુભવ જ્ઞાનમાં જ થાય છે. તેમ જ પરિણતિમાં પણ જ્ઞાનવેદન પ્રધાન છે, અને દ્રવ્યની પ્રતીતિનું કારણ થાય છે.

૩. જ્ઞાન સિવાય બીજા કોઈ ગુણના પરિણમનને લક્ષણના સ્થાને રાખીને સ્વરૂપની ઓળખાણ થઈ શકતી નથી. કારણ વસ્તુ સ્વભાવનું પ્રસિદ્ધ, અવિકૃત, સાકારરૂપ, વેદનરૂપ પરિણમન બીજા કોઈ ગુણનું અજ્ઞાન અવસ્થામાં હોતું નથી.

૪. વળી સર્વ ગુણોના પરિણમનમાં જ્ઞાનની ઊર્ધ્વતા છે, તેથી જ્ઞાનની પ્રધાનતા અબાધિત છે.

૫. અંતર સાવધાનીરૂપ પુરુષાર્થના પરિણમનમાં પણ 'જ્ઞાનમાત્ર'થી નિજનું અવલંબન મોક્ષમાર્ગમાં રહેલા સાધક જીવો પલકમાં લે છે. તેથી સાધન છે.

આમ ઓળખાણ, રુચિ સ્વાનુભવ, પુરુષાર્થ, પ્રતીત, ભેદજ્ઞાન આદિ દરેક સ્તરે 'જ્ઞાનમાત્ર' હું તેમ રહેતું હોવાથી 'જ્ઞાન પ્રધાન છે.' અર્થાત્ પ્રયોજનભૂત વિષય-નિજ આત્મરૂપ અને તેની પ્રાપ્તિની વિધિ-એમ બન્ને-કે જે સર્વ શાસ્ત્રોનો તાત્પર્યભૂત વિષય છે, તેનો સંકેત એક મંત્ર-'જ્ઞાનમાત્ર'માં મળે છે.

સમયસાર પરિશિષ્ટમાં શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવે 'જ્ઞાનમાત્ર' ભાવને (અનેકાંતના પ્રકરણમાં) અન્ય અનંત શક્તિ ( અનેક ધર્મ) વાન આત્મપદાર્થને દર્શાવે છે, તેમ સિદ્ધ કર્યું છે. તેથી સાધન જાણીને 'જ્ઞાનમાત્ર' ઉપર વજન દીધું છે.



## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

**પ્રશ્ન :–** બહિર્લક્ષી જ્ઞાનમાં સંતોષાઈ જવાય છે કે તત્ત્વ સમજાઈ ગયું, બધું આવડી ગયું; પણ ખરેખર તો શરૂઆત જ નથી થતી. તો કેમ કરવું ?

**સમાધાન :–** અંદર ઘણું કરવાનું છે. સમજાઈ ગયું ક્યારે કહેવાય કે અંદરથી પરિણમન થાય તો સમજાઈ ગયું કહેવાય. તે ન થાય ત્યાં સુધી સમજાણું એમ માને ને એવા વિચારો અંદર કર્યા કરે તો પણ સમજાણું નથી.

પોતે ન દેખાય એવું નથી, લક્ષણ વડે દેખી શકાય છે. અરૂપી પણ પોતે જ છે. બીજું કોઈ નથી કે તેને ગોતવા જવું પડે. અરૂપી પોતે એક વસ્તુ છે, અવસ્તુ નથી. અરૂપી વસ્તુ પણ લક્ષણ વડે જોઈ શકાય એવી છે, પણ આ જોતો જ નથી તેથી ભ્રાંતિમાં પડ્યો છે. બહાર બધે જોયા કરે છે, પણ પોતાના લક્ષણને ઓળખીને પોતાને જોતો નથી કે હું કોણ છું ? બહારમાં બધે રસ લાગે છે, અંતરમાં એટલો રસ ને મહિમા લાગતો નથી એટલે ક્યાંક રોકાઈ જાય છે. પૂજ્ય ગુરુદેવે માર્ગ બતાવ્યો છે કે તું આત્માને ઓળખ. એ જ્ઞાયક આત્મા જ્ઞાન લક્ષણથી ઓળખાય એવો છે, એને તું ઓળખી લે, એમાં જ બધું ભર્યું છે, બહારમાં કાંઈ નથી. અનંતકાળથી માર્ગ જાણ્યો નથી અને પુરુષાર્થ કર્યો નથી. પોતે કરે, કારણ આપે, તો કાર્ય આવે; પણ પોતે કરતો નથી.

તેનું લક્ષ તો કાર્ય કરવા ઉપર જ હોવું જોઈએ. **(સ્વાનુભૂતિદર્શન-૪૦૩)**

❀

**પ્રશ્ન :–** જ્ઞાયકને ગ્રહણ કેવી રીતે કરવો તેની ચાવી કૃપા કરી બતાવશોજી.

**સમાધાન :–** જ્ઞાયકની લગની લાગે, જ્ઞાયકની જિજ્ઞાસા જાગે, અને પુરુષાર્થ વારંવાર તેની તરફ જાય કે આ જ્ઞાયક જે જાણનારો તે જ હું છું. અંદર જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ ગુણભેદના વિચારો પણ આવે; પણ હું તો એક અખંડ જ્ઞાયક છું એમ તેમાં ટકવા માટે વારંવાર તેના વિચાર કરે, અભ્યાસ કરે, તે અભ્યાસ કરતાં કરતાં અંદર જે સ્વભાવ છે તે ગ્રહણ થાય છે. આ જ્ઞાનસ્વભાવ તે જ હું છું, જે જ્ઞાનસ્વભાવ દેખાય છે તે રાગની સાથે મિશ્રિત દેખાય છે, પણ તે જુદો છે; જ્ઞાન જે દેખાય છે તે દ્રવ્યના આધારે છે. અર્થાત્ દ્રવ્યના આધારે એ સ્વભાવ છે. આ રીતે ત્યાં દૃષ્ટિ જાય તો તે ગ્રહણ થાય છે.

**(સ્વાનુભૂતિદર્શન-૪૦૪)**

❀

**પ્રશ્ન :–** 'હું જ્ઞાયક છું' એ ટકતું નથી, તો તેના માટે શું કરવું ?

**સમાધાન :–** જ્ઞાયક પોતે પુરુષાર્થથી ટકે છે. જેમ છાશમાં માખણ ભેળસેળ હોય છે તેને મંથન કરતાં કરતાં છૂટું પડે છે, એમ અનાદિથી ભ્રાન્તિ એવી થઈ રહી છે કે જાણે હું વિભાવ સાથે ભેગો થઈ ગયો, પણ અનાદિથી તત્ત્વ તો છૂટું જ છે. છૂટું છે તે ભ્રાન્તિને લઈને ભેગું ભાસે છે. પોતે વારંવાર સ્વભાવ ગ્રહણ કરી, હું જુદો છું એવી દૃષ્ટિ કરે, પ્રતીતિ કરે તો પછી એ બાજુની લીનતાની પરિણતિ પ્રગટ થાય, એવો પુરુષાર્થ કરવો જોઈએ. તે ન થાય ત્યાં સુધી-માખણની જેમ છૂટું ન પડે ત્યાં સુધી-વારંવાર તેનો અભ્યાસ અને મંથન કર્યા જ કરે. **(સ્વાનુભૂતિદર્શન-૪૦૫)**

❀

**પ્રશ્ન :–** પૂજ્ય ગુરુદેવ કહેતા કે સમ્યગ્દર્શનથી ધર્મની શરૂઆત થાય છે. તો જેને સમ્યગ્દર્શન થયું તે જ સાચો જૈન કહેવાય ? તે ન થાય ત્યાં સુધી શું કરવું ?

**સમાધાન :–** સમ્યગ્દર્શન થાય પછી જ સાચો જૈન કહેવાય. સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી ભાવના કરે, વિચારો કરે કે હું જ્ઞાયક છું, આ રાગ મારું સ્વરૂપ નથી, શરીર હું નથી, વિભાવ મારો સ્વભાવ નથી એમ એનાથી ભેદજ્ઞાન કરે. જ્ઞાન-દર્શન-ચારિત્રના વિકલ્પ વચમાં આવે પણ એ બધો રાગ છે. એ રાગથી પણ જુદો હું ચૈતન્ય અખંડ દ્રવ્ય છું એમ પોતાના જ્ઞાયકનું અસ્તિત્વ જુદું વિચારે. એ જ્ઞાયકની અંદર અનંતા ગુણ છે, તેની પર્યાયો પરિણમે છે. તેના વિચારો કરી જ્ઞાયકનો નિર્ણય કરે. જ્યાં સુધી સમ્યગ્દર્શન પ્રગટ ન થાય ત્યાં સુધી તેનો વિચાર-વાંચન-લગની-મહિમા કર્યા કરે, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરે.

**(સ્વાનુભૂતિદર્શન-૪૦૬)**

**પ્રશ્ન :–** બીજા વિકલ્પ કંઈ ન કરે, અને હું ચૈતન્ય છું એમ કરે તો ?

**સમાધાન :–** બીજા કોઈ વિકલ્પ કરવા ન ઇચ્છે તો પણ તે આવ્યા વગર રહેતા જ નથી. હું ચૈતન્ય છું તે પણ શુભભાવનો એક વિકલ્પ છે. વિકલ્પ ન આવે એમ નહિ, વિકલ્પ પહેલાં છૂટતા નથી. પહેલાં વિકલ્પથી હું જુદો છું એવી શ્રદ્ધા-પ્રતીતિ થાય અર્થાત્ પહેલાં ભેદજ્ઞાન થાય પછી વિકલ્પ છૂટે છે. પ્રથમ વિભાવની કર્તાબુદ્ધિ છોડવાની છે કે કોઈ વિભાવનો હું કર્તા નથી, હું ચૈતન્ય જ્ઞાયક છું. **(સ્વાનુભૂતિદર્શન-૪૦૭)**

## કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ના ૮૨મા જન્મ જયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ


**મુમુક્ષુજીવોના પરમ તારણહાર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની આગામી ૮૨મી જન્મ જયંતી માગશર સુદ-૫, તા. ૨૫-૧૧-૧૪ થી માગશર સુદ-૮, તા. ૨૯-૧૧-૧૪ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડીયો સી.ડી. તત્ત્વચર્ચા, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૨૮-૧૧-૧૪ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે.**

**તા.૨૯-૧૧-૧૪ના દિવસે માર્બલના પાટિયામાં કોતરવામાં આવેલા 'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃતોના પાટિયાની અનાવરણ વિધિ કરવામાં આવશે તથા 'સમયસાર', 'પ્રવચનસાર' ઇત્યાદિ જિનવાણીની સ્થાપના પણ કરવામાં આવશે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.**

**કાર્યક્રમ સ્થળ : 'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' પ્લોટ નં. ૧૯૪૨-બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧**

**સંપર્ક : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર-૩૬૪૦૦૧**

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ઓક્ટોબર-૨૦૧૪)નું શુલ્ક**
**સ્વ. શારદાબેન જયંતિલાલ મહેતાના સ્મરણાર્થે હ. ડો. મહેશભાઈ મહેતા તથા ડો. ગીતાબેન મહેતા, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**




૩૬૫

**મુંબઈ, વૈશાખ સુદ ૧૧, શનિ, ૧૯૪૮**

**'જેને આત્મત્વ પ્રત્યે ધ્યેયતા નથી, એને એ વાત (મેસમેરિઝમ, ચમત્કાર, વગેરે) ઉપયોગી છે; અમને તો તે પ્રત્યે કંઈ લક્ષ આપી સમજાવવાની ઈચ્છા થતી નથી, અર્થાત્ ચિત્ત એવા વિષયને ઈચ્છતું નથી. અત્ર સમાધિ છે. બાહ્ય પ્રતિબદ્ધતા વર્તે છે.'**

બાહ્ય ચમત્કારો સંબંધિત વિદ્યાઓ અંગે કૃપાળુદેવ કેટલુંક જ્ઞાન ધરાવતા હતાં. પરંતુ તે વિષય જ્ઞાનદૃષ્ટિએ અનર્થકારક છે; તેમ જ તેમાં મોહબુદ્ધિએ આકર્ષિત થવું તે તો દુર્ગતિનું કારણ છે. જેને આત્મહિતનું ધ્યેય નથી તેવા અજ્ઞાની જીવોને જ તે વાત મહત્તાવાળી અને ઉપયોગી લાગે છે. કૃપાળુદેવ તો તેવા વિષયને કોઈ અંશે જાણતા હોવા છતાં તે પ્રત્યે થોડું પણ લક્ષ આપીને સમજાવવા પણ ઈચ્છતા નથી, અર્થાત્ તેમનાં ચિત્તમાં તેવા વિષયનો જરા પણ અવકાશ નથી. અંતરપરિણતિમાં સમાધિ વર્તે છે, જ્યારે બાહ્ય ઉપયોગમાં મોક્ષમાર્ગને અનુકૂળ નહિ એવી પ્રતિબદ્ધતા વર્તે છે.

૩૬૬

**મુંબઈ, વૈશાખ સુદ ૧૨, રવિ, ૧૯૪૮**

**'મનમાં વારંવાર વિચારથી નિશ્ચય થઈ રહ્યો છે કે કોઈપણ પ્રકારે ઉપયોગ ફરી અન્ય ભાવમાં પોતાપણું થતું નથી, અને અખંડ આત્મધ્યાન રહ્યા કરે છે, એવી જે દશા તેને વિષે વિકટ ઉપાધિજોગનો ઉદય એ આશ્ચર્યકારક છે; હાલાં તો થોડી ક્ષણની નિવૃત્તિ માંડ રહે છે; અને પ્રવૃત્તિ કરી શકે એવી યોગ્યતાવાળું તો ચિત્ત નથી, અને હાલ તેવી પ્રવૃત્તિ કરવી એ કર્તવ્ય છે, તો ઉદાસપણે તેમ કરીએ છીએ; મન ક્યાંય બાઝતું નથી, અને કંઈ ગમતું નથી; તથાપિ હાલ હરિઈચ્છા આદીન છે... 'વનની કોયલ'ની કહેવત પ્રમાણે આ કાળમાં, અને આ પ્રવૃત્તિમાં અમે છીએ.'**

આભ્યંતર-દશાનો ચિતાર પ્રદર્શિત કરતાં કૃપાળુદેવ લખે છે કે અમને અખંડ આત્મધ્યાન રહ્યા કરે છે. જેની આવી દશા હોય તેને સહજપણે બહારમાં નિવૃત્તિયોગ જ હોય, તેને બદલે કૃપાળુદેવને વિકટ ઉપાધિયોગનો ઉદય છે; એ આશ્ચર્યકારક છે, અર્થાત્ કુદરતી રીતે સુસંગત નથી. આ દિવસોમાંતો પ્રવૃત્તિ અને કાર્યોનું દબાણ એટલું વૃદ્ધિગત થયું છે કે થોડીક ક્ષણની નિવૃત્તિ માંડ રહે છે. પ્રવૃત્તિ કરી શકે તેવી ચિત્તની યોગ્યતા નથી. તોપણ જેમ નબળા પ્રાણીને ચાબુક મારીને પરાણે કામ કરાવાય તેવી રીતે તેઓશ્રી પ્રવૃત્તિ (વ્યવહારે કર્તવ્ય જાણીને) કરે છે. – ત્યાં અપેક્ષાવૃત્તિ તો ક્યાંથી હોય ? અત્યંત ઉદાસભાવે પ્રવૃત્તિ કરાય છે પણ મન કોઈ પ્રવૃત્તિમાં ક્યાંય બાઝતું નથી અને કંઈ ગમતું પણ નથી; તો પણ જ્ઞાનદૃષ્ટિ વડે સમાધાન રાખે છે.

પોતાના પરિણામની દશાનો વધુ સ્પષ્ટ ચિતાર આપતાં લખે છે કે જેમ કોયલ એક વનપક્ષી છે, વનમાં જ રહેવા ટેવાયેલું છે; વનનું પક્ષી શહેરમાં રહી શકે નહિ. તેમ છતાં, તેને વનમાંથી મારીને-હાંકી કાઢે તો તે શહેરમાં બાગી આવે, તેવી તેઓશ્રીની સ્થિતિ આપ્રવૃત્તિ કાળમાં છે. તેવી સ્થિતિમાં પણ આપને તીર્થંકરાદિક મહાપુરુષોનું અનુપમ આત્મધ્યાનનું સ્મરણ થાય છે. તીર્થંકરાદિક પ્રવર્તતા હતાં તે તો ધર્મકાળ હતો, તેની અપેક્ષાએ વર્તમાન કાળ અત્યંત દુષમકાળ છે, તેમાં પણ આશ્ચર્યકારક એવું એકાવતારીપણું જેમણે સાધ્યું અને આરાધ્યું તેમને પરમ ભક્તિએ નમસ્કાર હો ! નમસ્કાર હો !!